### મોડાસામાં કાશીવિશ્વનાથ મહાદેવ નજીક

# માઝુમ નદીમાં સફાઈ અભિયાન ફોટો સેશન બની રહેતા રોષ

### જળ સંચય અભિયાનમાં મોટા પાયે દેખાડા પૂરતી કામગીરી માઝુમ નદીને સફાઈ અને પ્રોટેક્શન દીવાલ કરવા જિલ્લા કલેક્ટટરને આવેદનપત્ર આપ્યું

મોડાસા, તા. ૧૯

જનશક્તિને જોડીને જળ શક્તિ વધારવાનું અભિયાન અને જળ સંચય અભિયાન અંતર્ગત ગંદકીના થર ફરી જામતા અને નદીમાં ગટરના ગંદા પાણી ઠાલવતા અસહ્ય દુર્ગંધ પેદા થતા શિવ ભક્ત મંડળ દ્વારા જિલ્લા દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી માઝુમ નદીની સફાઈ અને ખાબોચિયામાં ભરાઈ રહેલ પાણીથી પ્રોટેક્શન દીવાલને નુકશાન થતું



અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાંથી પસાર થતી માઝુમ નદીમાં કાશીવિશ્વનાથ મહાદેવ મંદિરની બાજુમાં પૂર્વમંત્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં મોડાસા નગરપાલિકા અને જનભાગીદારી વહીવટીતંત્ર દ્વારા સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરી સ્વચ્છતા હાથ ધરી હતી. પરંતુ આ સ્વચ્છતા અભિયાન દેખાડો અને ફોટો સેશન બની રહી હોય તેમ માઝુમ નદીમાં કલેકટર એમ.નાગરાજનને આવેદનપત્ર આપી માઝુમ નદીમાંથી ગંદકી હટાવવા અને પ્રોટેક્શન દીવાલમાં ગંદા પાણી ભરાઈ રહેવાથી થયેલ નુકશાન અંગે રજુઆત કરી હતી.

મોડાસાના કાશીવિશ્વનાથ મહાદેવ નજીકથી પસાર થતી માઝુમ નદીમાં ગંદકીના થર જામતા અને પાણી પર લિલ છવાવાની સાથે ગટરના પાણી ઠાલવતા ભારે ગંદકીથી ખદબદી રહેતા કાશીવિશ્વનાથ શિવ ભક્ત મંડળ હોવાથી દીવાલ તૂટી મંદિરને નુકશાન પહોંચે તે માટે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

આવેદનપત્રમાં રાજયના પૂર્વ મંત્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં મોડાસા નગરપાલિકાના ઉપક્રમે તા.૧-૫-૨૦૧૮ના રોજ કાશીવિશ્વનાથ મંદિર નજીક જળ સંચય અને સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યા બાદ કામમાં પ્રગતિ ન થઈ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.



**ખેડબ્રહ્માંમાં આફતથી બચવા માટે આચાર્ય-શિક્ષકો માટે ખેડબ્રહ્મા ખાતે ડિઝાસ્ટર તાલીમ યોજાઈ**

ખેડબ્રહ્મા શેઠ કે.ટી. હાઈસ્કૂલના હોલમાં ૨૬૩ શિક્ષકોને ડીઝાસ્ટરની તાલીમ આપવામાં આવી હતી. ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી અને સાબરકાંઠા જીલ્લા વહીવટીતંત્ર પ્રેરીત આ તાલીમ બી.આર.સી. ખેડબ્રહ્મા દ્વારા આર.એસ ઉપાધ્યાય ડી.પી.ઈ.ઓના માર્ગદર્શન હેઠળ કે.ટી. હાઈસ્કૂલમાં યોજાઈ. ૧૬૧ શાળાઓમાં પર્યાવરણીય આફતોથી બચવા અને સાવચેતી માટે ફાયર સેફટી ૧૦૮નો મોકડ્રીલ યોજીને માર્ગદર્શન તજજ્ઞો દ્વારા આપવામાં આવેલ. ટી.પી.ઈ.ઓ. મનહરભાઈ પટેલ અને બી.આર.સી.કો. પિયુષ જોષીએ આપત્તીઓની સામે રક્ષણ માટે સજ્જ થઈને તેનો ઉપયોગ વિશે જરૂરી માહિતી આપી હતી.

# ડીસાના સોતમલા નજીકથી દારૂ ભરેલી સ્વીફ્ટ કાર સાથે ચાલકની ધરપકડ

ડીસા, તા. ૧૯

બનાસકાંઠાની એલસીબી પોલીસે ભીલડી પોલીસ મથકની હદમાં આવતા ડીસા તાલુકાના સોતમલા ગામ નજીકથી વિદેશી દારૂ ભરેલ સ્વીફ્ટ ગાડી સાથે કારચાલકને પરમાર એલ.સી.બી. ટીમના કુલદીપસિંહ, મહેશભાઈ, મીલનદાસ, નિકુલસિંહ, દિલીપસિંહ અને પ્રવીણભાઈની ટીમ સાથે ભીલડી વિસ્તારમાં પેટ્રોલીગમાં નીકળ્યા હતા જે અમરતભાઈ શંકરલાલ બારોટને ઝડપી લઈ ચાર લાખની કિંમતની કાર સાથે કુલ ૪,૪૦,૧૦૦ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.જોકે આ ઓપરેશન વખતે રાજસ્થાનનો સેધાભાઈ



ઝડપી લીધો છે.જોકે આ ઓપરેશન વખતે એક ઈસમ નાસી ગયો હતો.દારૂનો આ જથ્થો રાજસ્થાનથી કચ્છ તરફ લઈ જવાતો હોવાની વિગતો પણ ખુલવા પામી છે.

બનાસકાંઠાના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક બી.એ.ચાવડાની સૂચનાથી એલસીબી પોલીસના ઈન્ચાર્જ પી.આઈ જે.એચ. સિંધવના માર્ગદર્શન હેઠળ પ્રોબેશન પો.સ.ઈ. એન. એન. દરમ્યાન બાતમીના આધારે સોતમલા ખાતેના પુલ પાસે નાકાબંધી ગોઠવી ડીસા તરફથી આવેલી ગઈ.જે.૧૮બી. બી. ૬૬૬૦ નંબરની સ્વીફ્ટ કારને આંતરી તલાશી લેવાતાં આ કારમાંથી ૩૯,૬૦૦ રૂપિયાની કિંમતનો ૩૯૬ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો.આ ઓપરેશન વખતે એલસીબી પોલીસે રાજસ્થાનના કારચાલક માજીરાણા નામનો ઈસમ નાસી ગયો હતો. દારૂનો આ જથ્થો કચ્છના રાપર તાલુકાના ભીમાસર ગામના રામદેવસિંહ દિલુભા વાઘેલાએ રાજસ્થાનના કુડા ગામના કોઈ રબારીના ઠેકા પરથી ભરાવી પોતાની ઈન્ડીકા ગાડી મારફત પાયલોટીંગ કર્યું હોવાની વિગતો ખુલવા પામતા આ મામલે ભીલડી પોલિસે ધોરણસરનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### મેઘરજ તાલુકા પંચાયતમાં કોંગ્રેસના મહિલા

# ઉમેદવારને પક્ષ પલટો કરાવી પ્રમુખપદ માટે ફોર્મ ભરાવ્યું

### સત્તાધારી ભાજપ પાસે અનુસૂચિત જનજાતિ મહિલા ઉમેદવાર ન હોવાથી કોંગ્રસમાં ભંગાણ સર્જ્યું

મેઘરજ, તા. ૧૯

અરવલ્લી જિલ્લાનાં મેઘરજ તાલુકાની પ્રમુખપદની ચૂંટણી બુધવારે યોજાનાર છે. જીલ્લાની એક માત્ર ભાજપની બહુમતી ધરાવતી તાલુકા પંચાયતમાં પ્રમુખપદ માટે અનુસૂચિત જનજાતિ મહિલા સીટ જાહેર થતાં જ ભારે વિમાસણમાં મુકવાનો વારો આવ્યો હતો. તાલુકા પંચાયતમાં ભાજપની બહુમતી હોવા છતાં ઉમેદવારના અભાવે તાલુકા પંચાયત ખોવાનો વારો આવતા ભાજપના મોવળી મંડળે જોડતોડની રાજનીતિ અપનાવી કોંગ્રેસના સુરાતાબેન ડામોરને પક્ષ પલટો કરાવી પ્રમુખપદ માટે ભાજપમાંથી ફોર્મ ભરાવી દાવેદારી નોંધાવતા કોંગ્રેસમાં હડકંપ મચ્યો હતો અને કોંગ્રેસ મોવડીમંડળ મેઘરજ તાલુકા પંચાયતમાં સત્તા મેળવવા દિવા સ્વપ્રના ખ્વાબમાં ઉંઘતી રાખી લપડાક આપતા જિલ્લાનાં રાજકારણમાં હડકંપ મચ્યો હતો.

મેઘરજ તાલુકા પંચાયતમાં



બહુમતીના જોરે અઢી વર્ષ બીજીપીએ ધુરા સંભાળી હતી. પ્રમુખપદની ટર્મ પુરી થતા તાલુકા પ્રમુખપદ માટે અનુસૂચિત જનજાતિ મહિલા સીટ જાહેર થતાં જ બીજેપી પાસે બહુમતી હોવા છતાં ઉમેદવારના અભાવે સત્તા ગુમાવવાનો વારો આવતા મોવળી મંડળ અને સ્થાનિક પદાધિકારીઓ ભારે વિમાસણમાં મુકાયા હતા અને કોંગ્રેસમાંથી બળવો કરી શકે તેવા અનુસૂચિત જનજાતિ મહિલા સદ્દશ્યની શોધખોળ હાથ ધરી તોડ-જોડની રાજનીતિ અપનાવી જામગઢ સીટ પરથી કોંગ્રેસમાંથી વિજેતા બનેલા સુરાતાબેન ડામોરને પક્ષ પલટો કરાવી કેશરીઓ ખેસ પહેરવામાં સફળતા મેળવી મંગળવારે પ્રમુખપદ માટે ભાજપમાંથી ઉમેદવારી ફોર્મ ભરાવતા જિલ્લાનાં રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો. કોંગ્રેસના સ્થાનિક પદાધિકારીઓ અને જિલ્લાનાં પદાધિકારીઓ ઊંધા માથે પછડાયા હોય તેવો ઘાટ સર્જાયો હતો. કોંગ્રેસને મેઘરજ તાલુકા પંચાયતના પ્રમુખપદનો મોઢામાં આવેલો કોળીઓ ભાજપે છીનવી લેતા ફરીથી સ્થાનિક રાજકારણમાં અને તાલુકા પંચાયતના સદશ્યોને સાચવી ન શકવાની ખાટલે રહેલી ખોડ જોવા મળી હતી. કોંગ્રેસના પદાધિકારીઓની નિષ્ફળતાથી કાર્યકરો અને માટે આપનારા મતદારોમાં ભારે નિરાશા જોવા મળી હતી.

## મેઘરજ તાલુકાના રામગઢી ગામે મહિલાને ઈલેક્ટ્રિક કરંટ લાગતા મહિલાનું મોત

મેઘરજ, તા. ૧૯

મેઘરજ તાલુકાના રામગઢી ગામે ૩૨ વર્ષીય મહિલાને ઈલેક્ટ્રીક કરંટ લાગતાં મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મંગળવારે રામગઢી ગામે વહેલી સવારે સાત વાગ્યાની આસપાસ ૩૨ વર્ષીય મહિલા જયોતિકાબેન દરજી તેમના મકાનના ઉપરના ટાંકામાં પાણી ભરવા માટે નીચે મોટર મૂકી મોટરનુ પ્લગ નાખવા જતાં જ્યોતિબેનને જોરદાર ઈલેક્ટ્રિક શોર્ટ લાગતાં જ્યોતિબેન નીચે પટકાયા હતા. જેમા પરિવારજનો દ્વારા તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે જ્યોતિબેનને મેઘરજની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના હાજર તબીબે જ્યોતિકાબેનને મૃત જાહેર કરતાં પરિવારજનોમાં શોકની લાગણી વ્યાપી હતી.

# અરવલ્લી જીલ્લા પંચાયત આંતરિક ખેંચતાણ બાદ કોંગ્રેસ જાળવવામાં સફળ રહેવાનો દાવો

### ધનસુરા, મોડાસા, ભિલોડા તાલુકા પંચાયતમાં બળવો ખાળવામાં કોંગ્રેસ સફળ, બાયડ તાલુકા પંચાયત કોંગ્રેસ પાસેથી ભાજપ આંચકે તેવી આશંકાઓ, માલપુરમાં અપક્ષોના હાથમાં હુકમનો એક્કો, મેઘરજમાં ભાજપ મજબૂત

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જીલ્લા પંચાયત અને જિલ્લાની ૬ તાલુકા પંચાયતોના પ્રમુખ, ઉપ પ્રમુખના અઢી વર્ષની મુદત પૂર્ણ થતાની સાથે જ જીલ્લા પંચાયત અને ૬ તાલુકા પંચાયતમાં કબ્જો મેળવવા કોંગ્રેસ-ભાજપ બંને મેદાને પડતા જિલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો. કોંગ્રેસ જીલ્લા પંચાયત ટકાવી રાખવા અને ભાજપની તોડ-જોડની રાજનીતિથી બચવા આંતરિક વિખવાદનો ફાયદો ભાજપ ઉઠાવે તે પહેલા કોંગ્રેસે જીલ્લા પંચાયત સદશ્યોને જીલ્લા બહાર એક રિસોર્ટમાં મોકલી અપાતા આંતરિક ખેંચતાણ ખાળવામાં સફળ રહી હોય અને પ્રમુખ, ઉપપ્રમુખ પદ માટે એક નામની સહમતી સાધી શકાઈ હોવાની માહિતી કોંગ્રેસના સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી. જિલ્લાની ૬ તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપ પ્રમુખ પદ માટે બંને પક્ષે મરણીયો પ્રયાસ કરતા બુધવારે જિલ્લાના રાજકારણમાં નવાજુની થવાના એંધાણ દેખાઈ રહ્યા છે.

અરવલ્લી જીલ્લા





પંચાયતમાં કોંગ્રેસ માટે પ્રતિસ્થાનો જંગ હોવાથી કોઈ પણ ભોગે જાળવી રાખવામાં સફળ રહેશે બીજી બાજુ ભાજપ કોંગ્રેસના જીલ્લા પંચાયતના ઉમેદવારો તોડવામાં નિષ્ફળ રહેતા અથાગ પ્રયત્નો બાદ પણ ભાજપને વિપક્ષમાં બેસવાનો વારો આવશે.

મોડાસા તાલુકા પંચાયત, ભિલોડા તાલુકા પંચાયત અને ધનસુરા તાલુકા પંચાયત અઢી વર્ષ કોંગ્રેસ સત્તામાં રહ્યા બાદ સદશ્યોની પ્રમુખપદ મેળવવાની મહત્વકાંક્ષા અને આંતરિક વિખવાદ ચરમસીમાએ હોવા છતાં કોંગ્રેસ તાલુકા પંચાયતમાં સત્તા ટકાવી રાખવામાં સફળ રહેશે મેઘરજમાં ભાજપે સત્તા માટે કોંગ્રેસના મહિલા ઉમેદવારને પક્ષ પલટો કરાવી ફોર્મ ભરાવતા ભાજપ સત્તામાં ટકી રહેશે માલપુર તાલુકા પંચાયતમાં ભાજપ-કોંગ્રેસના ૬-૬ સદશ્યો હોવાથી અને ૪ અપક્ષો હોવાથી સત્તાની ભાગડોળ અપક્ષો પાસે રહશે. બાયડ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પાસે બહુમતી હોવાથી કોંગ્રેસે અઢીવર્ષ પૂર્ણ કર્યા બાદ આવતીકાલે યોજાનાર પ્રમુખ અને ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં બાયડ તાલુકા પંચાયતના કોંગ્રેસના સદશ્યોમાં ચાલતો ગજગ્રાહ બહાર આવતા અને અરવલ્લીની પ્રયોગશાળા ગણાતા બાયડ તાલુકામાં ફરીથી રાજકીય ધમધમાટ શરૂ થયો છે. તા.૨૦ જૂને બાયડ તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી યોજાવાની છે ત્યારે છેલ્લા ૩ દિવસથી તાલુકા પંચાયત કોંગ્રેસના ૪ સભ્યો અદ્રશ્ય થઈ જતાં કોંગ્રેસ આગેવાનો દોડતા થઈ ગયા છે. બાયડ તાલુકા પંચાયતમાં વર્તમાન ધારાસભ્ય નાક બચાવવા અને પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા વટ રાખવા મેદાનમાં ઉતર્યા હોવાની સાથે બાયડ તાલુકા પંચાયતનું સુકાન ભાજપમાં ખેમામાં આવે તે માટે એડીચોટીનું જોર લગાવી રહ્યાનું રાજકીય સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી.



શ્રી ગોપાલદાસ ફાઉન્ડેશન સોનાસણ અને અમીધારા ફાઉન્ડેશન ફતેપુરના સંયુક્ત ઉપક્રમે હિંમતનગર શહેરી વિસ્તાર સ્વચ્છતા અભિયાન અન્વયે શહેરના પ્રાણનાથજી મંદિરથી મહાકાલી મંદિર સુધીના વિસ્તારને પ્લાસ્ટિકના પ્રદૂષણથી મુક્ત કરવાના પ્રશસ્ત કાર્યક્રમનું તા. ૧૯-૬-૨૦૧૮ના મંગળવારના રોજ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સાબર ગ્રામ વિદ્યાપીઠ, સોનાસણના એન.એસ.એસ. સ્વયંસેવક વિદ્યાર્થીઓએ સમગ્ર વિસ્તારમાંથી પ્લાસ્ટિકનો કચરો વીણી લઈને એકત્ર કરી યોગ્ય નિકાલ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન અમીધારા ફાઉન્ડેશનના પ્રમુખ અને સાબરકાંઠા જિલ્લા સહકારી બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લા ભા.જ.પા.ના પ્રમુખ જે.ડી. પટેલ, હિંમતનગર નગરપાલિકા પ્રમુખ અનિરુદ્ધભાઈ સોરઠીયા, નગરપાલિકાના ઉપ પ્રમુખ જયાબેન પટેલ, સા.કા. ડિરેક્ટર મુકેશભાઈ પટેલ, ભાજપા કિસાન મોરચાના પ્રમુખ જયેશભાઈ પટેલ, સાબર ગ્રામ વિદ્યાપીઠના આચાર્ય પી.એલ. પટેલ, એન.એસ.એસ. પ્રોગામ ઓફિસર અશ્વિનભાઈ પટેલ, ડો. સતિષભાઈ ત્રિવેદી, બકુલભાઈ પટેલ, અસીમભાઈ પટેલ વગેરે અધ્યાપકો તથા હિંમતનગર શહેરના અગ્રણી નાગરિકો હાજર રહયા હતા.

## અરવલ્લી જીલ્લા પંચાયત કચેરી પાછળ કચરામાં જીલ્લા મુખ્યધિકારીની નેમ પ્લેટ કચરામાં

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જીલ્લામાં સ્વચ્છતા અભિયાનના લિરા લિરા





ઉડાડતી ઘટનાઓ ઠેર ઠેર જોવા મળી રહી છે. અરવલ્લી જીલ્લા પંચાયત કચેરી પાછળ ગંદકીના ખડકાયેલા ઢગલામાં અરવલ્લી જીલ્લા આરોગ્ય અધિકારીની નેમ પ્લેટ પડેલી જોવા મળતા લોકોમાં અનેક સવાલ પેદા થયા હતા અને જીલ્લા આરોગ્ય અધિકારીની નેમ પ્લેટ ફેંકી દેતા કોને નેમ પ્લેટ ફેંકી દીધી અને કેમ ફેંકી દેવામાં આવી ચર્ચા જીલ્લા સેવાસદનમાં ચર્ચાની ચકડોળે ચઢી હતી.

## અમદાવાદમાં ગરમીનું પ્રમાણ ફરી વખત વધ્યું

મોનસુનની ઉત્સુકતા વચ્ચે ગરમીના પ્રમાણમાં હજુ પણ નોંધપાત્ર ઘટાડો થઈ રહ્યો નથી. બપોરના ગાળામાં હજુ પણ લોકો ગરમીનો અનુભવ કરી રહ્યા છે. અમદાવાદમાં આજે પણ મહત્તમ તાપમાન ૪૦.૫ ડિગ્રી રહ્યું હતું જ્યારે કેટલાક રાજ્યોમાં પારો ૪૧ સુધી પહોંચ્યો હતો. રાજકોટમાં આજે મહત્તમ તાપમાન ૪૧.૬ ડિગ્રી સુધી પહોંચ્યું હતું જ્યારે સુરેન્દ્રનગરમાં પણ પારો ૪૧ રહ્યો હતો. ભુજમાં પણ પારો ૪૦.૨ સુધી રહ્યો હતો. અમદાવાદમાં આવતીકાલે તાપમાન વધીને ૪૧ સુધી પહોંચી શકે છે. આગામી બે દિવસ દરમિયાન ઉત્તર ગુજરાતમાં મહત્તમ તાપમાન ૪૦થી ૪૧ ડિગ્રી વચ્ચે રહી શકે છે. પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો જૂન મહિનાના પ્રથમ ૧૬ દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૬૨૬ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના ૧૬ દિવસના ગાળામાં ૨૨૦ અને ટાઈફોઈડના ૨૪૨ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના ૧૬ દિવસના ગાળામાં ૨૪૬ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં જૂન મહિનામાં સાદા મેલેરિયાના ૧૦૪૬ કેસ નોંધાયા હતા. જૂન ૨૦૧૭ દરમિયાન લીધેલા ૭૦૬૫૭ લોહીના નમૂના સામે ૧૬ જૂન ૨૦૧૮ સુધીમાં ૩૮૨૮૪ લોહીના નમૂનાની તપાસ કરવામાં આવી છે.



ખેડબ્રહ્મામાં મંગળવાર વહેલી સવારે આરાધના સિનેમા પાસે એક બાઈક સવાર જતો હતો તેને પાછળથી બીજી બાઈકે ટક્કર મારતા બંને રોડ ઉપર પટકાયા હતા. જેથી બંનેને ઈજાઓ પહોંચી હતી. તે સમયે સાબરમતી નદીમાંથી રેતી ભરી આવતું ડમ્પર એકદમ નજીક આવી જતા બન્ને બાઈક સવારને બચાવવા જતા ડિવાઈડર પર ચડાવી દીધું હતું. દિવાઈડરની રેલિંગ તૂટી જતા ધડાકો થતા લોકો આવી જતા બાઈક સવારોને જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. લોકોના જણાવ્યા અનુસાર અકસ્માત વહેલી સવારે ટ્રાફિક ન હોઈ મોટો અકસ્માત ન થયો નહીંતર મોટું નુકસાન થયુ હોત.